## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લો ટીચર આ દિવાળીમાં આપેલું હોમવર્ક કર્યું નથી, અને કરવાનો પણ નથી... ભલે મને અસહિષ્ણુનાં લીસ્ટમાં મુકી દે...!!

# વિધાનસભા-ગાંધીનગર ડેપો અને દહેગામ ડેપો બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો પત્ર મળ્યો

## પોલીસતંત્રએ તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા. ૨૪

વિધાનસભા સંકુલ, ગાંધીનગર અને દહેગામ ડેપોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો પત્ર આજે દહેગામ ડેપો મેનેજરને મળતાં જ જિલ્લાનું પોલીસતંત્ર હરકતમાં આવી ગયું છે.

મળતી વિગતો પ્રમાણે ૧૩મી નવેમ્બરે લખાયેલો પત્ર આજે દહેગામ ડેપો મેનેજરને મળ્યો હતો. આ પત્ર અંગે તેમણે તાત્કાલિક જિલ્લા પોલીસ વડા સહિત પોલીસતંત્રનું ધ્યાન દોરતાં જ પોલીસતંત્રએ આ મુદ્દે સઘન તપાસ અભિયાન હાથ ધર્યું છે.

પોલીસે આ પત્રને લઈ બોમ્બ ડિસ્પોઝલ સ્કવૉડના માણસોને તાત્કાલિક બોલાવી આ ત્રણેય સ્થળો પર તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે.

હમણાંજ આવા ધમકીભર્યા પત્રો લખનાર એક વ્યક્તી વડોદરામાં પોલીસે પકડી પાડ્યો છે. આ પત્ર સંદર્ભે વડોદરા પોલીસનો પણ સંપર્ક કરાયો હોવાનું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર તાલુકાના ખોરજ ગામેથી આજે વધુ બે કેસ કમળાના મળતાં કમળાના કેસોની સંખ્યા ૧૭૫ પર પહોંચી છે.
- ગાંધીનગર જિલ્લામાં પંચાયતની ચૂંટણીનો માહોલ ગરમાયો છે.
- જિલ્લામાં પંચાયતની ચૂંટણીના પરિણામોને લઈ શરતો પણ લાગી રહી છે.
- જિલ્લામાંથી આજે ૧૦૦ જેટલા કાર્યકર્તાઓ ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા છે.
- ગાંધીનગર શહેરમાં લગ્નની મોસમને લઈ પ્રવાસીઓની સંખ્યા વધી છે.

# વાતાવરણમાં પલ્ટો : ઠંડીમાં ઘટાડો


(તસવીર : કશ્યપ નિમાવત)


(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૪

હજુ ગયા અઠવાડિયે જ ૧૪-૧૫ ડિગ્રીએ પહોંચેલા લઘુત્તમ તાપમાનના કારણે ઠંડીનો અહેસાસ વધ્યો હતો. જોકે આજે સવારથી જ વાતાવરણમાં પલ્ટો આવતા લઘુત્તમ તાપમાન વધીને ૨૧.૨ ડિ.સે. જેટલુ પહોંચી જતા પુનઃ ગરમી લાગવા માંડી છે.

નવેમ્બર માસ પુર્ણતાના આરે છે પરંતુ હજુ સુધી જોઈએ તેવી ઠંડી જામતી નથી. ગયા અઠવાડિયે લઘુત્તમ તાપમાન ૧૪-૧૫ ડિગ્રીએ પહોંચી જતા ઠંડીનો અહેસાસ થયો હતો. વસાહતીઓને શાલ-સ્વેટર પહેરાવાની ફરજ પડી હતી. જોકે ઠંડીનો અહેસાસ વધુ દિવસો સુધી અનુભવાય તે પહેલાં જ વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે. જેની અસર રૂપે ગાંધીનગરમાં વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતું. ગઈકાલ રાતથી જ આકાશમાં વાદળો ઘેરાયા હતા. જેના કારણે સવારે સૂર્યના દર્શન થઈ શક્યા ન હતા. વાતાવરણમાં આવેલા આ પલ્ટાને કારણે લઘુત્તમ તાપમાન ઉંચકાયું છે. આજે લઘુત્તમ તાપમાન ૨૧.૨ ડિ.સે. જેટલું ઉંચુ નોંધાતા ઠંડીનું પ્રમાણ સાવ ઘટી ગયું હતું. સાંજે પણ ઉકળાટ અનુભવાતો હતો. પંખાની સ્પીડ વધારવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

## ગુરૂનાનક જયંતી પ્રસંગે શુભેચ્છા પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૨૪

ગુરૂનાનક જયંતીના પાવન પ્રસંગે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ શિખ સમાજના ભાઈ-બહેનોને હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી છે.

તેમના સંદેશમાં રાજયપાલશ્રીએ જણાવ્યું છે કે ગુરૂનાનક દેવજીનો દિવ્ય સંદેશ આપણને પ્રેમ, કરૂણા અને શાંતિના માર્ગને અનુસરવા તથા સમાજ જીવનમાં પરસ્પર સદભાવને દઢ બનાવવાની પ્રેરણા આપે છે.

## સેક્ટર-૩ના ઝુંપડાવાસીઓને દબાણમાંથી મુક્તી આપવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં દિન-પ્રતિદિન સરકારી જમીન પર ઝુંપડા બાંદી વસવાટ કરતા શ્રમિક પરિવારોની સંખ્યા વધતી જાય છે. સરકારી જગ્યા પર ઉભા થયેલા આ દબાણ તંત્રનો માથાનો દુઃખાવો સમાન બની ગયા છે. શહેરમાંથી અવાર-નવાર આવા દબાણો દૂર કરવાનું અભિયાન તંત્ર ચલાવે છે. ત્યારે શહેરના સેક્ટર-૩ ખાતે વર્ષોથી વસવાટ કરતા ઝુપડાવાસીઓને દબાણમાંથી મુક્તિ આપવા જાગૃત નાગરિકોએ તંત્રને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી છે. જેમાં ઝુંપડાવાસીઓને અન્યત્ર જગ્યાએ વસવાટ માટે ફાળવવા પણ રજુઆત કરી છે.

દબાણ હટાવવાની ઝુંબેશ શરૂ થશે. આ ઝુંબેશમાં શહેરમાં દબાણ કર્યું હોવા છતાં સચિવાલય સુધી વગ ધરાવતા નગરજનોનું દબાણ દૂર નહી થાય પરંતુ શહેરમાં મજુરી કરીને પેટીયુ રળતા શ્રમિક પરિવારોના ઝુંપડા તુટી જશે. આ દબાણના ભયથી ઝુંપડાવાસીઓ અત્યારથી ચિંતિત બન્યા છે. શિયાળાની કાતિલ ઠંડીમાં પોતાના નાના બાળકો સાથે ક્યાં રહેવુ તે પ્રશ્ન તેઓને સતાવી રહ્યો છે. ત્યારે શહેરના સેક્ટર-૩ ખાતે બે બે દાયકાથી વસવાટ કરતા ઝુંપડાવાસીઓ કે જેઓ ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ, છાપરાના આ સરનામાનું ધરાવે છે. તેમજ તેમના બાળકો પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવી રહ્યા છે. ત્યારે વર્ષોથી વસવાટ ધરાવતા આ છાપરાઓને દબાણ પ્રક્રિયાથી મુક્તિ આપવા સેક્ટરના જાગૃત નાગરિકોએ તંત્રને આવેદનપત્ર આપી રજુઆત કરી છે. તેમજ તંત્ર દ્વારા શહેરમાં ઝુંપડાઓનું સર્વે કરવામાં આવ્યું હતું અને નોંધણી કરી હતી. આ ઝુંપડાવાસીઓને રાજ્ય સરકાર દ્વારા કોલવડા પાસે મકાન ફાળવવામાં આવ્યા છે. આ મકાન ડ્રોમાં નોંધણી થયેલા નામોનો સમાવેશ કરાયો ન હતો. જેના કારણે સેક્ટર-૩ના ઝુંપડાવાસીઓને અન્યાય થયો છે. જેથી ફરીથી નોંધણી કરાવી દબાણ ન હટાવવા રજુઆત કરાઈ છે. તેમજ અન્યત્ર જગ્યા ફાળવવા રજુઆત જાગૃત નાગરીકો દ્વારા કરવામાં આવી છે.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં યલોફીવર વેકસીનની ભારે માંગ

## ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૧૧૮૦ લાભાર્થીઓએ લાભ લીધો

ગાંધીનગર તા.૨૪

ગાંધીનગર સિવિલમાં યલોફીવર વેકસીન લેવા માટે લાભાર્થીઓનો ભારે ધસારો જોવા મળે છે. સાઉથઆફ્રીકા,બ્રાઝીલ સહિત અન્ય દેશોની મુલાકાતે જતા મુલાકાતીઓ માટે આ વેકસીન ફરજીયાત છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષ દરમિયાન ૧૨૦૦ થી વધુ લાભાર્થીઓને યલોફીવરની વેકસીન આપવામાં આવે છે. ગુજરાતમાં આ વેકસીનના આપવાના સેન્ટર આંગળીના વેઢે ગણાય તેટલા જ છે. ત્યારે ગાંધીનગરમાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૧૧૮૦ યલોફીવરની વેકસીન લાભાર્થીઓને આપવામાં આવી છે.

સાઉથઆફ્રીકા, બ્રાઝીલ, સહિતના અન્ય દેશોમાં જતા મુસાફરો માટે યલોફીવરની વેકસીન ફરજીયાત છે. કારણકે બહારના દેશોમાં રહેલી વાઈરલ જીવલેણ બિમારીઓ સામે આ વેકસીન રક્ષણ પુરુ પાડે છે. તેમજ અન્ય દેશોની મુલાકાતે જતા મુસાફરો આપણા દેશમાં ત્યાંની વાઈરલ બિમારી લઈને ન આવે તે માટે આ વેકસીન હિતાવહ હોવાથી ફરજીયાત છે.ગુજરાતમાં આ વેકસીન આપવાના સેન્ટરમાં અમદાવાદ,ગાંધીનગર,તેમજ જામનગરનો સમાવેશ થાય છે. ૮ માસના નાના બાળક થી લઈ કોઈપણ ઉંમરના વ્યકિત માટે આ વેકસીન ફરજીયાત છે. ગાંધીનગર સિવિલમાં દર સોમવારે આ વેકસીન આપવાની કામગીરી ૧૧થી ૧ કલાક દરમિયાન કરવામાં આવે છે. ગાંધીનગર સિવિલમાં રાજયને અડીને આવેલા પડોશી રાજય રાજસ્થાન, મધ્યપ્રદેશના શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓ મોટી સંખ્યામાં આવે છે. આ વેકસીન મેળવવા ઉનાળા તેમજ શિયાળાના વેકેશનમાં ભારે ધસારો હોય છે. એન.આર.આઈ વેકેશનમાં ગુજરાતમાં આવ્યા હોય છે. તેમજ પોતાના સગાસ્નેહીજનો સાથે અન્ય દેશોની મુલાકાતે જતા હોવાથી એન.આર.આઈ પણ વિશેષ હોય છે. ગાંધીનગર સિવિલમાં વર્ષ દરમિયાન અંદાજીત ૧૨૦૦થી વધુ બહારના દેશમાં જતા મુલાકાતીઓને આ વેકસીન આપવામાં આવે છે. ત્યારે ચાલુ વર્ષે અત્યારે હાલ ૧૧૮૦ લાભાર્થીઓએ વેકસીનનો લાભ મેળવયો છે.ગાંધીનગર સેન્ટરમાં હોવાથી લાભાર્થીઓનો ધસારો વધુ જોવા મળે છે.



આડશરૂપ વૃક્ષો હટાવવાની કામગીરી - ગત ચોમાસા દરમિયાન ગાંધીનગરમાં ઘણા વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા હતા... વન વિભાગ દ્વારા છેલ્લા ઘણા સમયથી માર્ગો પર પડી ગયેલા અને આડશરૂપ વૃક્ષો હટાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે... જ-માર્ગ પર માર્ગોની આસપાસ પડી ગયેલા અને આડશરૂપ વૃક્ષને હટાવતા વન વિભાગના કર્મચારીઓ... (તસવીર : કશ્યપ નિમાવત)

## ઉમેદવારોએ મતદારોમાં દારૂ ન વહેંચવા બીજા ગામોમાં પણ હોર્ડીંગ્સ લાગ્યા




**ગોલથરા બાદ હવે સાણોદા અને શોભાસણ ગામમાં ઠાકોર-ક્ષત્રિય સેનાએ હોર્ડીંગ્સ લગાવ્યા**

ગાંધીનગર, તા.૨૪

જિલ્લાના કલોલ તાલુકાના ગોલથરા ગામમાં ઠાકોર-ક્ષત્રિય સેના દ્વારા હોર્ડીંગ્સ લગાવવામાં આવ્યા હતા કે ચૂંટણી દરમિયાન મતદારોને રીઝવવા દારૂની થતી રેલમછેલ કોઈ પણ ઉમેદવાર કરશે તો તેમને ચુંટણીપંચ સમક્ષ ઉઘાડા પાડી દેવામાં આવશે. આ જ પ્રમાણે ગોલથરા બાદ હવે દહેગામ તાલુકાના સાણોદા અને કલોલ તાલુકાના શોભાસણ ગામમાં પણ ઉમેદવારોએ મતદારોમાં દારૂ નહીં વહેંચવા માટેના હોર્ડીંગ્સ લગાડી દીધા છે.

## જગતગુરૂ શ્રી ગુરૂનાનક દેવજીના આગમન પર્વ નિમિત્તે સર્વને શુભેચ્છા

ગાંધીનગર, તા. ૨૪

શીખ ધર્મના પ્રથમ ગુરૂશ્રી ગુરૂ નાનકદેવજીના ૫૪૭ આગમન પર્વ નિમિત્તે સમગ્ર નાનક નામ લેવા શીખ સિન્ધી, પંજાબી, તેમજ સમગ્ર ભારતવાસીઓને ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમના નિયામક શ્રીમતી પરમજીતકૌર છાબડાના તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. ગુરૂસાહેબના બતાવેલ માર્ગ ઉપર ચાલી સમગ્ર વિશ્વમાં શાંતિ, ભાઈચારા થાય તેવી પ્રાર્થના તેઓએ કરી છે.

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.

## મહાપાલિકાઓની ચૂંટણીમાં થયેલી ગેરરિતી અંગે કોંગ્રેસે ચૂંટણીપંચ સમક્ષ રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૨૪

રવિવારે યોજાયેલી મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં મતદાન અંગે ઘણી ફરીયાદો મળી છે. મતદારોના નામો યાદીમાંથી કમી થયા, મતદાન મથકોની અપુરતી માહિતી તથા અન્ય ફરિયાદો બાબતે કોંગ્રેસના પ્રતિનિધિમંડળે ચૂંટણી પંચ સમક્ષ ઉગ્ર રજુઆત કરી હતી.

રાજયમાં ૬ મહાનગરપાલિકામાં મતદાન સમયે મતદાર યાદીમાંથી નામો કમી થવા, મતદાન મથકોની અપુરતી માહિતી, અલગ અલગ મતદાન મથકો પર અલગ અલગ સુચનાઓના પરિણામે મતદાતાઓ પોતાના મૂળભૂત અધિકારથી વંચિત રહ્યા. ચૂંટણી પંચની ભૂમિકા ઘણી શંકાસ્પદ અને ભાજપ પક્ષની મદદકર્તા હોય તેવું સ્પષ્ટ થઈ રહ્યું છે. ત્યારે રાજ્ય ચૂંટણી આયોગ પોતાની બંધારણી ફરજો બજાવે અને મુક્ત, ન્યાયી, પારદર્શક ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવાની માંગ સાથે કોંગ્રેસ પક્ષનું ઉચ્ચ કક્ષાનું પ્રતિનિધિમંડળ શ્રી બાલુભાઈ પટેલ, શ્રી દિપકભાઈ બાબરીયા, ડૉ. જીતુભાઈ પટેલ, અમદાવાદ શહેર પ્રમુખશ્રી ચેતન રાવલ,લીગલ કન્વિનર શ્રી નિકુંજ બલર તથા ૬ મહાનગરપાલિકાના કોંગ્રેસ પક્ષના નેતાશ્રીઓએ ચૂંટણી આયોગના મુખ્ય અધિકારી શ્રી વરેશ સિંહા સમક્ષ વિસ્તૃત રજૂઆત કરી હતી.

તા. ૨૨-૧૧-૨૦૧૫ના રોજ મહાનગરપાલિકાની ચૂંટણીમાં કમીની યાદીમાં તેના કરતાં વધારે ગેરકાયદેસર રીતે ડિલીટના સિક્કા મતદારોના નામ ઉપર મારવામાં આવેલ હતા. તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ યોજાનાર તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયત તથા નગરપાલિકાની ચૂંટણીમાં ફરીથી આવી રીતે ગેરકાયેદસર રીતે મતદારોને મતદાનથી વંચિત રાખવામાં નહી આવે તેની ખાતરી ચૂંટણી પંચ સમક્ષ માંગવામાં આવી હતી.

જે.આર.ઓ. તથા એ.આર.ઓ. દ્વારા અથવા તો જે તે જવાબદાર અધિકારીઓની સમક્ષ કમી યાદીમાં ન હોય તેવા મતદારોને પણ મતદાનથી વંચિત રાખવામાં આવ્યા છે. તેવા અધિકારીઓ સામે ફોજદારી કાર્યવાહી પંચ કરશે કે નહી તેની રજુઆત પણ કરવામાં આવી છે. સુરતના તૃપ્તિબેન સૂર્યવંશી નામના ઉમેદવારને પણ અધિકારીઓએ તેમનું નામ કમી યાદીમાં છે તેમ કહીને મતદાનના હક્કથી વંચિત રાખ્યા છે. હવે પછી યોજાનાર ચૂંટણીમાં કોઈપણ અધિકારી આવુ ગેરકાયદેસર કૃત્ય કરશે તો તેની સામે પણ જરૂરી પગલાં ભરીને શિક્ષા કરવામાં આવશે તેની ચૂંટણી આયોગે ખાતરી આપી છે. કોંગ્રેસની રજૂઆતોનો લેખિત જવાબ અને તપાસ કરીને તેનો રિપોર્ટ પંચ દ્વારા આપવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી છે. ઈ.વી.એમ. સ્ટોંગ રૂમની બહાર અને અંદર પણ સીસીટીવી મુકવામાં આવશે તેવી પંચ દ્વારા ખાતરી આપવામાં આવી છે. મતદાર યાદીમાં નામ હશે અને ઓળખપત્ર હશે તે બધાજ મતદારોને મતદાન કરવા દેવાની સૂચના આપવામાં આવશે તેવી પંચ દ્વારા ખાતરી આપવામાં આવી છે.

# જિલ્લા-તાલુકા પંચાયત વિકાસ માટે ફાયનાન્સ બોર્ડ બનાવાશે

**પંચાયતો માટેના વિઝન ડોક્યુમેન્ટમાં કોંગ્રેસનું વચન : ૧૮માં ક્રમે ધકેલાઈ ગયેલું ગુજરાતનું પંચાયતીરાજ મોડલ પુનઃ પ્રથમ ક્રમે લાવવા કોંગ્રેસ સંપૂર્ણ કટિબદ્ધ : ભરતસિંહ**

અમદાવાદ, તા.૨૪

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આજે રાજયની જિલ્લા તથા તાલિકા પંચાયતોની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પંચાયતો માટેનો વિઝન ડોક્યુમેન્ટ જાહેર કર્યા હતા. મુખ્યત્વે ૨૦ મુદ્દાના આ વિઝન ડોક્યુમેન્ટમાં કોંગ્રેસે પંચાયતી રાજને ફરી મજબુત કરવા વહીવટી માળખાને પુનઃસુદૃઢ કરી પંચાયતો માટે ફાયનાન્સ બોર્ડની રચના કરવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત પંચાયતોની મંજુરી વગર ગૌચરની જમીન વેચી ન શકાય તેવી વ્યવસ્થા કરવાની ખાતરી આપી છે. ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીએ સ્વરાજયની કલ્પનામાં ગામડાઓ અને સ્થાનિક સ્વરાજને મજબુત કરવાનું સપનું સેવ્યું હતું. પરંતુ કબનસીબે ગાંધીના ગુજરાતમાં આજના સત્તાધીશો આ ગ્રામ સ્વરાજની કલ્પના અને લોકોના હાથમાં સોપાયેલી સત્તાને તહસ-નહસ કરી રહ્યા છે. ગુજરાતના પતોના પુત્ર સ્વ.બળવંતરાય મહેતાએ પંચાયત રાજ માટે ગુજરાતને મોડલ બનાવ્યું અને કોંગ્રેસને વર્ષો સુધી પ્રથમ ક્રમે જાળવી રાખ્યું હતું. જ્યારે ભાજપના વહીવટમાં પંચાયતી ગુજરાત પંચાયતી રોજના મામલે ૧૮માં ક્રમે ધકેલાઈ ગયું છે. કોંગ્રેસ ગુજરાતમાં પંચાયતી રાજને પુનઃ પ્રથમ ક્રમે લાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરે છે.

ગાંધી-સરદારના ગુજરાતમાં આજના શાસકો સત્તાંધ બની પ્રજાની સુખાકારીને ભુલી ગયા છે કેટલાય ગામડાં પીવાના પાણી વિના ટળવળે છે. શિક્ષણ દિન-પ્રતિદિન કથળી ગયું છે. રસ્તાઓ બિસ્માર હાલતમા છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પુરતો સ્ટાફ હોતો નથી. આ બધી અસુવિધાઓ તરફ ધ્યાન આપવાને બદલે શહેરો તરફ જ ધ્યાન આપી ખોટા ખર્ચા કરવામાં આવે છે. વિવિધ પ્રકારના મેળા અને ઉત્સવો યોજી પ્રજાનું ધ્યાન અસુવિધાઓથી બીજે દોરાય તેવા પ્રયત્નો થઈ રહ્યો છે. પંચાયતના સભ્યોએ એક જુથ થઈ અવાજ ઉઠાવવાની જરૂર છે. હવે સમય પાકી ગયો છે. ક્યાં સુધી ચુપ રહીશું. ગામના સામાન્ય રીતે ગરીબ, દલિત, શોષિત, આદિવાસી, મહિલાઓ, પછાતવર્ગ, યુવાનો વગેરે માટે આપણે માર્ગદર્શક બનીએ, આશાનું કિરણ બનીએ, તે આવશ્યક છે. આપણી સંઘશક્તિ ભલભલાને નમાવી શકશે. ગામમાં એકરાગ રહે, કુસંપ ઓછા થાય, ગામ સંપૂર્ણ સાક્ષર બને, એક આદર્શ ગામ બનાવીએ અને બીજાને દીવાદાંડી રૂપ બનીએ.આપણે સૌ પક્ષાયક્ષીથી પર રહીં ગામના વિકાસ માટે પ્રયત્નશીલ રહીએ તેવી સદભાવના વ્યક્ત કરી તેમણે હાલની ભાજપની સુટબુટ, યુ-ટર્ન સરકારને જાકારો આપી કોંગ્રેસને મજબુત કરવા ગામડા મતદારોને અપીલ કરી હતી.